# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૦૨/૧૨/૨૦૨૪ થી તા.૦૮/૧૨/૨૦૨૪ સુધી)

(૧)

તા.૦૩/૧૨/૨૦૨૪ ક.૧૩/૩૦ વાગે મોજે ગુંદરી પોલીસ ચેક પોસ્ટ આ કામના તહોદાર ટ્રેલર ગાડીના ચાલક પ્રમોદ લાલસીંગ રાજપૂત (લોધી) રહે. નંન્દપુરા તા.સેપાઉ જી. ધૌલપુર (રાજ.) તથા સાથેના ઇસમ પ્રકાશભાઇ નટવરલાલ માળી (પરમાર) મુળ રહે. માલગઢ મોટી ઢાણી તા.ડીસા હાલ રહે.અમદાવાદ સરસપુર શણગાર શેરી જુની પોસ્ટ ઓફિસની સામે સરસપુર ચાર રસ્તા તા.જી. અમદાવાદ તથા દારૂ મંગવનાર અનિલસિંહ મો.નં.૯૬૬૨૬૭૨૮૨૮ વાળા ઇસમએ એકબીજાના મેળાપીપણામાં ગુજરાત રાજયમાં દારૂ ઘુસાડવાનું ષડયંત્ર રચી પોતાના કબજા આયશર ગાડી નંબર GJ.18.BT.0754 માં ગે.કા.વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયર ટીનની કુલ બોટલ નંગ- ૨૧૬૦ કુલ કિમત રૂપિયા ૨,૫૭,૫૨૦/- તથા આયશર ગાડી કિમત રૂ.૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૫૦૦/- એમ મળી કુલ કિમત રૂપિયા ૭,૬૮,૦૨૦/- ના મુદામાલ સાથે હેરા ફેરી કરી લઇ આવતાં ચાલક તથા સાથેનો ઇસમ પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ પાંથાવાડા પો.સ્ટે. પાર્ટ C ગુ.ર.નં ૧૧૧૯૫૦૩૬૨૪૦૬૪૭/૨૦૨૪ પ્રોહી કલમ. ૬૫AE, ૧૧૬(૨) , ૮૧, ૮૩,૯૮(૨), મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૦૪/૧૨/૨૦૨૪ ના ક.૧૯/૩૦ વાગે મોજે જાડરા ગામે આ કામના આરોપી (૧) જોગસિંહ જેઠુસિંહ રાજપુત (૨) અશોકસિંહ વિરાજી રાજપુત રહે.બેવટા તા.થરાદવાળાએ પીક્પ ડાલુ નં.GJ-08-Z-4442 માં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના અલગ અલગ બ્રાન્ડની વિદેશીદારૂની કાચની બોટલો/બિયરટીન નંગ-૨૩૪૫ કિ.રૂ.૨,૫૫,૮૨૦/-નો મુદામાલ રાખી ડાલુ મુકી નાશી જઇ તથા (૩) જેઠુસિંહ વિરાજી રાજપુત તથા (૪) પ્રકાશસિંહ ભવજી રાજપુત રહે.બેવટા તા.થરાદ વાળાએ પીક્પ ડાલુ નં.GJ-02-XX-1639 ડાલાથી પાયલોટીંગ કરી પ્રકાશસિંહ પકડાઇ જઇ તથા (૫) નિલેશસિંહ જેઠુસિંહ રાજપુત રહે.બેવટા તા.થરાદવાળો પોલીસની હાજરી બાબતે અવારનવાર આંટાફેરા મારી પોલીસની વોચ રાખી સદરે પીક્પ ડાલુ નં.GJ-08-Z-4442 કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા પીક્પ ડાલુ નં.GJ-02-XX-1639 કિ.રૂ.૨,૦૦,૦૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૦૦૦૦/- મળી કુલ કિ.રૂ.૬,૬૫,૮૨૦/-નો મુદામાલ પ્રતિબંધ ગુજરાત રાજ્યમાં દારૂ ઘુસાડી એકબીજાના મેળાપીપણાથી રેઇડ દરમ્યાન આરોપી નં.૦૪ પ્રકાશસિંહ ભવજી રાજપુત પકડાઇ જઇ તથા અન્ય આરોપીઓ નાશી જઇ ગુનો કરવામાં એકબીજાની મદગારી કરી ગુનો કરેલ હોઇ થરાદ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૪૦૯૭૨ પ્રોહિ એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(૨),૯૮(૨),૯૯,૮૧,૮૩ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૦૩/૧૨/૨૦૨૪ કલાક-૧૬/૨૦ થી કલાક-૨૨/૩૦ વાગે મોજે ગામ રસાણા પાલનપુર હાઇવે આઇ.ઓ.સી પેટ્રોલપંપની સામે આ કામના આરોપી નરેન્દ્રકુમાર શીવજીરામ જાતે પુરોહીત રહે મુળ ચીતલવાના તા.ચીતલવાના જી.સાંચોર હાલ રહે-૧૦/બી,ગ્રીન સીટી સોસાયટી, પાલ, સુરત, જી.સુરત વાળાના કબજા ભોગવટાની સ્વિફ્ટ ગાડી નં.GJ-05-JD-6646 માં રહેલ સ્પેર વ્હીલ ટાયરમાંથી ઓપીયમ આલ્કોલાઇડસ (અફીન) કુલ્લે ૫૧૯ ગ્રામ કિ.રૂ.૫૧૯૦૦/- નો તથા રોકડ રકમ રૂ.૮૦૦/- તથા મોબાઇલ નંગ-૧ રૂ.૫૦,૦૦૦/-તથા આર.સી બુક કિ.રૂ.૦૦/૦૦ તથા ડ્રાઇવીંગ લાયસન્સ કિ.રૂ.૦૦/૦૦ તથા ઓપિયમ આલ્કોલાઇડસ (અફિણ રસ) ની ઉપર વીંટાળેલ હતુ તે સિલ્વર ફોલ્સ તથા એડહેસિવ ટેપ કિ.રૂ.૦૦/૦૦ તથા સ્વિફ્ટ ગાડીનુ સ્પેર વ્હિલ કિ.રૂ.૧૦૦૦/- તથા સ્વિફ્ટ ગાડી કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા સેમસંગ કપંનીનો મોબાઇલ નંગ-૧ કિ.રૂ.૫૦,૦૦૦/- એમ મળી કુલ રૂ.૪,૦૩,૭૦૦/-નો મુદ્દામાલ રાખી પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ ડીસા રૂરલ પો.સ્ટે પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૫૦૧૯૨૪૧૧૩૦/૨૦૨૪ NDPS એકટ કલમ ૮(સી), ૧૭(બી) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૦૫/૧૨/૨૦૨૪ ના ક.૧૮/૦૦ વાગે મોજે રાનેર ગામે આ કામના તહોદારો (૧) રામભા લાલસીંગ જાતે.જાદવ (૨)મેહુલકુમાર પ્રવિણભાઇ જાતે.પટેલ (૩)કિરણકુમાર નારણભાઇ જાતે.ઠક્કર (૪) વિષ્ણુકુમાર નાનજીભાઇ જાતે. તીરગર (૫) અર્જુનસિંહ લાલસિંહ જાતે.જાદવ તમામ રહે.રાનેર તા.કાંકરેજ જી.બનાસકાંઠા પોતાના ફાયદા સારૂ રાનેર ગામે જાહેરમાં આંક ફરકનો હારજીતનો જુગાર રમી રમાડતા હોઇ જે જુગારના સાહિત્ય તથા રોકડ રકમ રૂ.૧૦,૩૫૦/- તથા બોલપેન કિ.રૂ.૧/૦૦ તથા વરલી મટકાના આંક લખેલ ચોપડો કિ.રૂ.૦૦/૦૦ એમ કુલ રૂ.૧૦,૩૫૧/- ના મુદામાલ સાથે તહો.નં.૧ થી ૪ પકડાઇ જઇ તથા તહો.નં.૫ હાજર ન મળી આવી ગુનો કરેલ હોઇ શિહોરી પો.સ્ટે.પાર્ટ-બી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૪૪૨૪૦૮૫૩/૨૦૨૪ જુગારધારા કલમ- ૧૨ અ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૦૫/૧૨/૨૦૨૪ ના ક.૨૩/૦૦ ના સુમારે મોજે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ આ કામના તહો. ટાટા કંપનીના ટ્રકગાડી નં.RJ-14-GF-4084 ના ચાલકે પોતાની કબજા ભોગવટાની ટ્રકગાડીમાં વગર પાસ પરમીટનો ગે.કા.નો ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની પેટી નંગ-૩૦૮ કુલ બોટલ/ટીન નંગ-૫૪૪૮ રૂ.૧૫,૦૦,૮૬૪/- તથા ટ્રકગાડી નં.RJ-14-GF-4084 રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા ખાલી કેરેટ નંગ-૧૫૦

રૂ.00/00 તથા મોબાઇલ ફોન નંગ-0૧ રૂ.૧0,00 0/- તથા ઇન્સ્યોરન્સ પોલીસીની નકલ રૂ.00/- તથા ફીટનેશ સર્ટી ફીકેટની નકલ રૂ.00/- તથા RC બુકની નકલ રૂ.00/- તથા PUC ની નકલ રૂ.00/- તથા ત્રિપાલ રૂ.00/- મળી કુલ મુદ્દામાલ રૂ.૨૫,૧૦, ૮૬૪/- સાથે ઉપરોકત ટ્રકગાડી ચાલક અંધારાનો લાભ લઇ ટ્રકગાડી મુકી નાસી જઇ ગુનો કરેલ હોઇ અમીરગઢ પો.સ્ટે. પાર્ટ સી ગુના નં.૧૧૧૯૫00૩૨૪0૮૩૬/૨0૨૪ પ્રોહી એક્ટ ક.૬૫એઇ, ૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.